**ગુજરાત પ્રોફેશનલ નર્સિંગ એન્ડ એલાઈડ મેડીકલ એજ્યુકેશનલ કોર્ષીસ , ગુજરાત સરકાર**

**ઓફીસ: જી.એમ.ઈ.આર.એસ. મેડીકલ કોલેજ, ગાંધીનગર**

શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫ ના પ્રથમ વર્ષ ફીજીયોથેરાપી ,બી.એસ.સી.નર્સિંગ, જી.એન.એમ એ.એન.એમ.,નેચરોપથી ,ઓર્થોટીક્સ અને પ્રોસ્થેટીક્સ ,ઓપ્ટોમેટ્રિ, બી.એ.એસ.એલ.પી અને ઓક્યુપેશનલ થેરાપી અભ્યાસક્રમો માટે **ઓનલાઈન પીન વિતરણ અને ઓનલાઈન રજીસ્ટ્રેશન માટેની જાહેરાત**

ગુજરાત બોર્ડ, સેન્ટ્રલ બોર્ડ, કાઉન્સિલ ઓફ ઈન્ડિયન સ્કૂલ સર્ટિફિકેટ એક્ઝામિનેશન બોર્ડ, કેમ્બ્રિજ ઈન્ટરનેશનલ બોર્ડ અને નેશનલ ઈન્સ્ટીટયુટ ઓફ ઓપન સ્કૂલિંગની ગુજરાત રાજ્યમાં આવેલ સ્કુલોમાંથી શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫ ના ધોરણ-૧૨ અને અગાઉ ના વર્ષોમાં બોર્ડ દ્વારા ( વિજ્ઞાન પ્રવાહ , સામાન્ય પ્રવાહ ,ઉચ્ચતર ઉત્તર બુનિયાદી પ્રવાહ અને વ્યવસાયલક્ષી પ્રવાહ ) લેવાયેલ પરીક્ષામાં ઉત્તિર્ણ થયેલ, યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારો માટે ગુજરાત રાજ્યમાં આવેલ સરકારી / મ્યુનિસિપલ કોર્પોરેશન તેમજ સ્વનિર્ભર સંસ્થાઓની સરકારી બેઠકો માટે પ્રથમ વર્ષના અભ્યાસક્રમમાં પ્રવેશ માટેના **ઓનલાઈન પીન વિતરણ , ઓનલાઈન રજીસ્ટ્રેશન તથા હેલ્પ સેન્ટર ખાતે અસલ પ્રમાણપત્રો ચકાસણીનો કાર્યક્રમ નીચે પ્રમાણે રહેશે.**

| **ક્રમ** | વિગત | **તારીખ અને સમય** | |
|---|---|---|---|
| | | **થી** | **સુધી** |
| ૧. | પ્રવેશ સમિતિ ની વેબસાઈટ પરથી ઓનલાઈન પીન ખરીદી | **૦૪/૦૭/૨૪ સવારે ૧૧.૦૦** | **૧૫/૦૭/૨૪ બપોરે ૨.૦૦ કલાક** |
| ૨. | ઓનલાઇન રજીસ્ટ્રેશન અને પ્રમાણપત્રો અપલોડ માટે | **૦૪/૦૭/૨૪ સવારે ૧૧.૦૦** | **૧૫/૦૭/૨૪ સાંજે ૪.૦૦ કલાક** |
| ૩. | હેલ્પ સેન્ટર ખાતે અરજી અને અસલ પ્રમાણપત્રોની ચકાસણી (રવિવાર તથા રજાના દિવસો સિવાય) | **૦૫/૦૭/૨૪ સવારે ૧૦.૦૦** | **૧૬/૦૭/૨૪ સાંજે ૪.૦૦ કલાક** |

- ઓનલાઈન પીન પ્રવેશ સમિતિની વેબસાઈટ www.medadmgujarat.org પર માંગેલ પ્રાથમિક માહિતી પૂરી પાડયા બાદ રૂ. ૧૦૦૦/- ( નોન રીફંડેબલ )ની ઓનલાઈન ચુકવણી કર્યા પછી તમારા રજીસ્ટર્ડ મોબાઈલમાં USER ID અને PIN મોકલવામાં આવશે.
- પ્રવેશ પ્રક્રિયામાં ભાગ લેવા માટે ઈન્ટરનેટ દ્વારા ઓનલાઈન રજીસ્ટ્રેશન ફરજીયાત છે. ઈન્ટરનેટ સુવિધા ન ધરાવતા ઉમેદવાર કોઈપણ ચાર્જ ભર્યા વિના પ્રવેશ સમિતિ દ્વારા નિયુક્ત હેલ્પ સેન્ટર ( સૂચી પ્રવેશ સમિતિની વેબસાઈટ પર ઉપલબ્ધ છે ) ઉપર રજીસ્ટ્રેશન ની સુવિધા મેળવી શકશે.
- ઉમેદવારે પ્રવેશ સમિતિની વેબસાઈટ www.medadmgujarat.org પર લોગ ઈન કરી રજીસ્ટ્રેશનની પાર્ટ -૧ ની પ્રક્રિયા અને પાર્ટ-૨ માટે સંબધિત પ્રમાણપત્રો અપલોડ કરી અસલ પ્રમાણપત્રો રૂબરૂ **હેલ્પ સેન્ટર ખાતે ફરજિયાત ચકાસણી** કરાવવાની રહશે.ત્યારબાદ જ રજીસ્ટ્રેશન પ્રક્રિયા પૂર્ણ ગણવામાં આવશે.
- તમામ પ્રવેશ ઈચ્છુક ઉમેદવારો,તેમના વાલીઓ અને તમામ અન્ય સંલગ્ન વ્યક્તિઓએ પ્રવેશ પ્રક્રિયા અંગેની રોજબરોજની માહિતી માટે સમયાંતરે પ્રવેશ સમિતિની વેબસાઈટ www.medadmgujarat.org ની મુલાકાત લેવાની સલાહ આપવામાં આવે છે.

**સભ્ય સચિવ**